# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 16-02-2026** **Midday : 2.30 TO 2.35 PM**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હેમાંગિની સોનારા** વાંચે છે.

---

## સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

.....................................

(ગોન્ગ)

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# GUJARAT ASSEMBLY

ગુજરાત વિધાનસભાનું અંદાજપત્ર સત્ર આજે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના સંબોધન સાથે શરૂ થયું. આજે ગૃહને સંબોધન કરતા , શ્રી દેવવ્રતે આત્મનિર્ભર અને વિકસિત ગુજરાતને વિકસિત ભારતનું વિકાસ એન્જિન ગણાવ્યું. ટેકનોલોજીકલ અને સામાજિક સીમાચિહ્નો વિશે વાત કરતા , રાજ્યપાલે કહ્યું કે ધોલેરા અને સાણંદમાં મોટા પ્રોજેક્ટ્સ દ્વારા વૈશ્વિક સેમિકન્ડક્ટર મૂલ્ય શૃંખલામાં ગુજરાત અગ્રણી સ્થાન મેળવી રહ્યું છે, જેમાં એક લાખ 24 હજાર કરોડથી વધુનું રોકાણ છે. તેમણે કહ્યું કે ખેડૂતો પ્રત્યે સરકારની પ્રતિબદ્ધતા કુદરતી આફતોથી પ્રભાવિત ખેડૂતો માટે 11 હજાર કરોડના રેકોર્ડ રાહત પેકેજ અને 8 લાખથી વધુ ખેડૂતો સુધી કુદરતી ખેતીના વિસ્તરણમાં સ્પષ્ટ છે.

રાજ્યપાલે આગામી દિવસોમાં ગુજરાતને રમતગમતનું કેન્દ્ર બનાવવાની તેમની સરકારની પ્રતિબદ્ધતાનો પણ પુનરોચ્ચાર કર્યો.રાજ્યપાલે યુવાનો પર સરકારનું ધ્યાન કેન્દ્રિત હોવાનો પણ ઉલ્લેખ કર્યો 2033 સુધીમાં 2 લાખ સરકારી જગ્યાઓ ભરવા માટે 10 વર્ષના ભરતી કેલેન્ડર પર ધ્યાન કેન્દ્રિત કર્યું.

. . . . . . . . . . . . .

# GRUH SHARDHANJLI

15મી ગુજરાત વિધાનસભાના આઠમાં સત્રના આજના પ્રથમ દિવસે વિધાન ગૃહના નેતા અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શોક દર્શક ઉલ્લેખોમાં વિધાનસભાના દિવંગત પૂર્વ સદસ્યોને શ્રદ્ધાંજલિ પાઠવી હતી.

વિધાનસભાના પૂર્વ દિવંગત સદસ્યો પૂર્વ મંત્રી સ્વ. મનસુખભાઇ જોષી , પૂર્વ રાજ્યકક્ષાના મંત્રી સ્વ. મોહંમદભાઇ સુરતી તથા પૂર્વ સભ્યો સ્વ. ધીરજલાલ રીબડીયા, સ્વ. અમરસિંહ વસાવા , સ્વ. વજુભાઇ ડોડિયા અને સ્વ. બાવનજીભાઇ મેતલિયાના અવસાન અંગેના શોકદર્શક ઉલ્લેખો ગૃહમાં રજુ થયા હતા.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ સૌ દિવંગત પૂર્વ જનપ્રતિનિધિઓની કર્તવ્યપરાયણતા અને પ્રજાકીય પ્રશ્નો- રજૂઆતોને વાચા આપી તેના નિવારણ માટેની સક્રિયતાની સરાહના કરી હતી.

તેમણે દિવંગત પૂર્વ સભ્યોના અવસાન અંગે શોકની લાગણી વ્યક્ત કરીને તેમના આત્માની શાશ્વત શાંતિ માટે પ્રભૂ પ્રાર્થના કરી હતી.ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી , રાજ્યમંત્રી મંડળના મંત્રી અર્જુન મોઢવાડિયા અને વિપક્ષના ધારાસભ્યો તુષાર ચૌધરી , ચૈતર વસાવા અને ગોપાલ ઇટાલિયા એ પણ આ શોક દર્શક ઉલ્લેખોમાં પોતાનો સૂર પુરાવીને દિવંગત પૂર્વ સદસ્યોને ભાવાંજલિ આપી હતી.આ સૌ દિવંગત સભ્યોના સન્માનમાં સભાગૃહે બે મિનિટનું મૌન પાળ્યું હતું.

. . . . . . . . . . . . .

# UPADHYAKSH ELECTION

વિધાનસભાના ઉપાધ્યક્ષ તરીકે પૂર્ણેશ મોદીની વરણી થઇ છે..પૂર્ણેશ મોદીની ધ્વનિમત સાથે પસંદગી કરવામાં આવી હતી... વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ ગૃહમાં સત્તાવાર જાહેરાત કરી હતી..અગાઉ આજે ગૃહમાં કોંગ્રેસના શૈલેષ પરમારને ઉપાધ્યક્ષ તરીકે પસંદ કરવાના પ્રસ્તાવનો ગૃહમાં અસ્વીકાર થયો હતો.... જેઠાભાઇ આહિરે ઉપાધ્યક્ષ પદેથી રાજીનામું આપતાં ખાલી પડેલી જગ્યા માટે પસંદગીની પ્રક્રિયા હાથ ધરાઇ હતી.

. . . . . . . . . . . . .

# BJP SHASAK PAKSH BETHAK

ગુજરાત વિધાનસભાના આજથી શરૂ થયેલા બજેટ સત્રની પહેલી બેઠક અગાઉ ભાજપના શાસક પક્ષની બેઠક યોજાઇ હતી.. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માની ઉપસ્થિતીમાં યોજાયેલી આ બેઠકમાં ભાજપના ધારાસભ્યોને સત્ર દરમિયાન ગૃહમાં ઉપસ્થિત રહેવા સૂચના આપવામાં આવી હતી.તેમજ મહત્વપૂર્ણ વિધેયકના સમયે ગૃહમાં હાજર રહેવા જણાવાયુ હતું..વિપક્ષોના ઘેરાવ સંદર્ભે પણ પ્રતિક્રિયા અંગે સૂચનાઓ આપવામાં આવી હતી તેમજ એક લાઇનનો વ્હિપ જારી કરવામાં આવ્યો હતો.

. . . . . . . . . . . . .

# SANGHVI BOMB THREAT

અમદાવાદ અને વડોદરાની કેટલીક શાળામાં બોમ્બની ધમકી અંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ તપાસના આદેશ આપ્યા છે. તેમણે જણાવ્યું , બંને શહેરના પોલીસ કમિશ્નર સાથે વાત કરી છે અને કયા દેશમાંથી આ ધમકીના મેસેજ મળ્યા છે તેની તપાસ થશે.

(બાઇટ : હર્ષ સંઘવી, નાયબ મુખ્યમંત્રી)

બીજી તરફ રાજ્ય કક્ષાના શિક્ષણમંત્રી રિવાબા જાડેજાએ સરકાર બોમ્બની ધમકીને લઈ ગંભીર હોવાનું જણાવ્યું.

. . . . . . . . . . . . .

# GANGA SWARUPA YOJNA

ગંગા સ્વરૂપા આર્થિક સહાય' યોજનાના લાભાર્થીઓને ઇન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક દ્વારા ઘરબેઠાં સહાય મળશે.રાજ્ય સરકાર દ્વારા વિધવા મહિલાઓને આત્મનિર્ભર બનાવવા હેતુ અમલી 'ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના' હેઠળ હવે સહાયની રકમ સીધી ઇન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક ( IPPB)ના ખાતામાં જમા કરવામાં આવશે. આ નવી વ્યવસ્થાથી લાભાર્થીઓને આધાર આધારિત ડી.બી.ટી (DBT) દ્વારા નાણાં સીધા ખાતામાં જમા થશે. પોસ્ટમેન દ્વારા ઘરબેઠાં જ આ રોકડ ઉપાડવાની સુવિધા પણ પ્રાપ્ત થશે. આ સુવિધાથી ગંગા સ્વરૂપા બહેનોને આર્થિક વ્યવહારોમાં વધુ સરળતા અને સુરક્ષા પ્રાપ્ત થશે તેમ પોસ્ટ માસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે કહ્યું હતું..

. . . . . . . . . . . . .

# MEHSANA MARKET YARD

મહેસાણા જિલ્લાના ઊંઝા માર્કેટયાર્ડમાં 5 હજાર બોરીની આવક નોંધાઇ. જેનો ભાવ રૂપિયા 4 હજાર થી 4 હજાર ૭00 સુધીનો રહ્યો. વરિયાળીની ૩ હજાર બોરી ની આવક થઈ જ્યારે ઇસબગુલની 4 હજાર બોરીની આવક નોંધાઈ જેનો ભાવ રૂપિયા 2200 થી 2800 સુધી રહ્યો. હોળી પછી રાજસ્થાનમાંથી જીરુંની આવક શરૂ થશે.

. . . . . . . . . . . . .

# BOTAD BUS

બોટાદ નગરપાલિકા દ્વારા મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત નવી 8 CNG બસો ફાળવવામાં આવી છે. જેનાથી બોટાદ શહેર તેમજ આસપાસના મુસાફરોને ફાયદો થશે. નગરપાલિકાના પ્રમુખ તેમજ અન્ય મહિલા સભ્યોએ આજે પ્રસ્થાન કરવામાં આવેલ નવી સીએનજી બસમાં મુસાફરી કરી હતી.

. . . . . . . . . . . . . .

# CHHOTAUDEPUR PMJAY

છોટાઉદેપુર જિલ્લામાં અત્યાર સુધી પાંચ લાખ 66 હજારથી વધુ નાગરિકોને આયુષ્માન ભારત – પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના કાર્ડ આપવામાં આવ્યા છે જેમાં 3 કરોડ 32 લાખ રૂપિયાથી વધુના દાવા મંજૂર કરવામાં આવ્યા છે.
આ યોજના અંતર્ગત મંજુર થયેલ ખાનગી હોસ્પીટલોમાં ગંભીર રોગો માટે 10 લાખ સુધીની નિશુલ્ક સારવાર આપવામાં છે.

. . . . . . . . . . . . .